

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




હજુ રોજાની રોટી તો ગળે જ અટકી છે!
ત્યાં હવે સાનિયાની નિમણૂંક ખટકી છે
ભટકીછે 'ભાજપ સદ્‌ભાવ'ની ભાવનાથી -
તટસ્થ ની છાપ ફરી દ્વિધામાં બટકી છે
(ડોકાય બૂરખામાંથી હિંદુત્વ)




શૌચાલય તો
ભાઇ! ઝડપથી જ
બાંધવાં પડે!

સમાણી છે ભૈ!
ખરી કમાણી જ તો -
રી-કાર્પેટ માં..

## ચિંતન

**પ્રાજ્ઞો હિ જલ્પતાં પુંસાં શ્રુત્વા વાચઃ શુભાશુભાઃ । ગુણ વદ્ધા કયમા દત્તે હંસઃ ક્ષીર મિવામ્ભસઃ ॥**

'હંસ જેમ પાણી અને દૂધમાંથી છૂટું પાડીને દૂધ ગ્રહણ કરી લે છે તેમ ગમે તેવી, સારી-નરસી વાણી સાંભળીને તેમાંથી બુદ્ધિમાન માણસો માત્ર ગુણયુક્ત સારાં વચન જ ગ્રહણ કરે છે.'

આ સમાજમાં તો જાત-જાતના ભાત-ભાતનાં માનવ પ્રાણી છે. કોઇ વાઘ-દીપડા જેવાં હિંસક હોય કોઇ સસલાં જેવા ભીરૂ કોઇ હરણાં જેવા નિર્દોષ અને વગર કારણે ગમે તેવાં હોય છે.

બધા પોતાના સંસ્કાર અને સ્વભાવ પ્રમાણે બોલતા હોય છે કોઇ ક્રોધી સ્વભાવના કઠોર બોલે છે કોઇ વિવેકી નમ્ર ભાષા બોલે છે કોઇ ઉગ્રહ-કોઇ નરમ, કોઇ સત્ય કોઇ તદ્દન નરાતળ જુઠ્ઠું..

સંત સજ્જન આવા બધાની વાત સાંભળે છે અને તેમાંથી જેટલું ગ્રાહ્ય હોય એટલું જ ગ્રહણ કરે છે. નકામું અને ત્રાસદાયક વાત સાંભળીને પણ ન સાંભળી કરે છે.

આ વાત સમજાવવા અહીં હંસનો ક્ષીર-નીર જુદાં પાડનાર તરીકે દૃષ્ટાંતનો ઉપયોગ કર્યો છે.

## સુવિચાર

- ભયથી જ દુઃખ આવે, ભયથી જ મૃત્યુ થાય, અને ભયથી જ બુરાઇઓ ઉત્પન્ન થાય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- માનવી નાનો છે.. પરંતુ તેની માનવતા મોટી છે **- તમિલ કહેવત**
- મિત્રતાં કરતાં ધીરજ ધરજો.. પરંતુ મિત્રતા કર્યા પછી અચળ અને દૃઢ બનીને નિભાવજો **- માનસ સૂત્ર**
- સત્કર્મ એ તો આપણા પ્રભુને રીઝવવાનો ભાવનાત્મક યજ્ઞ છે **- સંત ફ્રાન્સીસ**
- કિતને સુખ દેતી હૈ જગ કો..., માં, બેટી, ઔર બહેન... દેને સુખ સંસાર કો.. કિતના વો કરતી હૈ સહેન.. **- ગાર્ગી વૈદ્ય**
- અન્યને ઉપાધિરૂપ ન થવાય એવું જીવાય એ જ સત્કર્મ **- રંગ અવધૂત**
- માહિતી એ જ્ઞાન નથી.. માહિતી રોજીરોટી આપે છે.. જયારે જ્ઞાન જીવનને સફળ બનાવે છે **- જ્ઞાનસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ભવિષ્ય જાણવાની બધાને ઉત્કંઠા હોય જ છે જન્મસમયે ગ્રહોની સ્થિતિની અસર જાતક પર પડે છે પણ જો 'સમય' ચોક્કસ નોંધાયો હોય તો જ બાકી આકાશમાં પૃથ્વી-સૂર્ય-ચંદ્ર બધા જ ગ્રહો ફર્યા જ કરે છે. પૂર્વ દિશા બદલતી રહે છે. સમયનું માપ - કલાક મિનિટ-સેકન્ડ-ક્ષણ આપણે જ નક્કી કરેલાં 'કાળ' ના ખંડ છે. ભવિષ્ય ઘડવા માત્ર પુરૂષાર્થ જ જરૂરી છે.

આર્ય સમાજના સ્વામી સમપર્ણાનંદજીને તેમના શિષ્ય ધર્માનંદે પ્રશ્ન કર્યો. સ્વામીજી! હસ્તરેખા અને જન્મકુંડળી વડે શું સાચું ભવિષ્ય જાણી શકાય છે?

સ્વામીજી કહે - અર્ધસત્ય અને નિરર્થક પણ..

ધર્માનંદ - સ્વામીજી, એ વાત મને સ્પષ્ટ સમજાવો..

સ્વામીજી - જૂઓ કયારેક સમયની ગણતરી સાચી અને યથાર્થ હોય તો જણાવેલ સંકટ આવી પણ પડે - એ સત્ય, પણ એ જાણવાથી કંઇ એનો ઉપચાર થતો નથી કે બચાવ થઇ જતો નથી એને માટે પુરૂષાર્થ કરવો જરૂરી જ છે. પુરૂષાર્થ વિના ભવિષ્યવાણીને શું કામનું એથી નિરર્થક છે - સંકટ ભોગવ્યા પછી ઘણાં લોકો કહેતા હોય છે કે મને ખબર હતી. આમ થવાનું જ છે...

Email - sureshchandrabhatt18@gmail.com

# સલીમ પાસેથી છાપું મળતાં બજારમાં જવાનો વિચાર માંડી વાળ્યો, અને બે પગથિયાં ચડી ઘરમાં બેઠક રૂમમાં જઇ બેઠાં, એક એવો વિચાર આવ્યો કે કાલે આચાર્ય મેડમને તેમના ઘેર મળવા જઇશ

## નવાં કલેવર

- નટવર હેડાઉ

ગયા મહિને મારા ફેરિયા સલીમને ત્રણથી ચાર વખત મેં કહેલું કે 'મુંબઇ સમાચાર' દર રવિવારે અન્ય છાપાંઓની સાથે મારે ત્યાં નાંખજે. પણ કોણ જાણે એ એવું કરતો નથી.

એક દિવસ બજારમાં જવા માટે ઘેરથી હું નીકળતો હતો. ત્યાં મને એ મળી ગયો. તેને રોકીને મેં પુછ્યું, 'સલીમ મેં તને મુંબઇ સમાચાર નાંખવાનું કહેલું ખરુંને?'

'હાં, મને યાદ છે. પણ છેલ્લા બે રવિવારથી વાતાવરણ ખરાબ હોવાથી આવતું નથી. હું શું કરું, આમ પણ જેટલી નકલો આવે છે તે બધી વેચાઇ જાય છે. હવે પછી જરૂરથી યાદ કરીને નાંખીશ બસ.'

'આજે સોમવાર છે. મને ગઇ કાલનું રવિવારનું મુંબઇ સમાચાર કયાંકથી લાવી દે. તેમાં એક ખાસ લેખ છપાયો છે તે વાંચવો છે.'

'કોશિશ કરું, આપણા એરિયામાં ડૉ. સંઘવી અને મેડમ આચાર્યને ત્યાં મુંબઇ સમાચાર નાખું છું.'

'આચાર્ય મેડમ કોણ છે?'

'તમારા ઘરથી બીજી ગલીમાં રસ્તાનાં ખૂણા પર તેમનું મકાન છે. પહેલાં એ કૉલેજમાં ભણાવતાં.'

'તેમનું નામ અર્ચના આચાર્ય છે?'

'હાં એ જ હશે, તેમના ઘરની બહાર નેઇમ પ્લેટમાં એ જ નામ લખેલુ છે.'

'સારું, અર્ચનાબેન અહીં જ આવી ગયા છે. ત્યાં જ રહે છે.'

'હાં, એકલાં જ રહે છે. સાહેબ હું નીકળું.'

'સારું.'

હું નિસ્તબ્ધ ઊભો ઊભો વિચારું છું. ચાલીસ પીસ્તાલીસ વર્ષ થઇ ગયાં. કૉલેજમાં મારા અંગ્રેજીના એ અધ્યાપિકા હતા. મોટો અંબોડો તેમાં જુહી કે ચમેલીના ફૂલોની વેણી. કપાળે મોટો લાલ ચાંદલો, સેંથીમાં સિંદૂર, સિલ્કની સાડી તો એ એવી સુંદર રીતે પહેરતાં કે જોનાર જોતાં જ રહી જાય. હાઇ હીલના સેન્ડલ પહેરીને ખટ્ ખટ્ અવાજ સાથે કૉલેજની લોબીમાંથી અમારી કલાસરૂમમાં આવે, અમને ભણાવ્યા પછી સ્ટાફ રૂમમાં બેસી કંઇને કંઇ વાંચતા કે લખતાં મેં તેમને જોયાં છે. ચહેરા પર સૌમ્ય કોમળતા, મૃદુભાષિતા હોઠ પર સદાય છલકતું સ્મિત... હાં મેં કયારેક તેમને ખડખડાટ હસતાં જોયાં નથી. કૉલેજનું શિક્ષણકાર્ય પતાવીને પોતાની કારમાં ઘર તરફ નીકળી જવું એ તેમનો નિત્યક્રમ હતો.

એક દિવસ ફરતાં ફરતાં ગુલાબ ઉદ્યાન તરફ ગયેલો. અર્ચના મેડમ પોતાના ઘરની બહાર નીકળી કારમાં બેસવા જતાં હતાં ત્યાં મને જોઇને અટકી ગયાં. મારી તરફ બે ડગલાં આગળ આવી પુછયું.

'નિસર્ગ અહીંયા કયાંથી?'

'બસ એમ જ ફરવા નીકળેલો, તમે અહીં રહો છો.'

'હાં'

'તમારા મકાનની આજુબાજુ તો શું દૂર સુખી પણ કોઇ મકાન નથી.'

'મારા હસબન્ડ ડૉ. વત્સલ ને આવા શાંત વાતાવરણમાં મકાન બનાવવાની ઇચ્છા હતી. તેથી અહીં જ બનાવ્યું.'

'આવો થોડીવાર બેસીએ.'

'તમે કયાંક બહાર જતાં હતાં.'

'કંઇ ખાસ કામ નહોતું, બસ એમ જ. આવો થોડીવાર બેસી વાતો કરીએ.'

એમ બંને બંગલાના આગળના ભાગે બનાવેલા નાના પણ સુંદર બગીચાની લોનમાં મુકેલી ખુરશીઓમાં બેઠાં. કયારીઓમાં છોડ પર રંગબેરંગી સુંદર ફૂલો ખીલેલાં હતાં. ઓસરીનાં થાંભલા પાસે એક પીંજરું ટીંગાડેલું છે. તેમાં રહેલા રંગબેરંગી પંખીઓ કલરવ કરતાં હતા. તો બીજા ખૂણે મારી ડાબી બાજુ સામે એકવેરીયમ હતું તેમાં જાત જાતની રંગીન માછલીઓ આમ તેમ તરતી હતી. હું આ બધું જોતો હતો ત્યાં નોકરે નજીકમાં પડેલ ટીપોય પર ચ્હાની ટ્રે લાવીને મુકી.

'આવી તકલીફ લેવાની શું જરૂર હતી.'

'સારું છે ને તે બહાને થોડી વાતો થશે. આમ પણ કૉલેજમાં મારા માનીતા વિદ્યાર્થીઓમાં તો તું એક છે.'

'તમારા હસબન્ડ કયાંય બહાર ગયો છે?'

'મારા હસબન્ડ ડૉ. વત્સલ લશ્કરમાં છે. વર્ષમાં માંડ એક મહિનો રજા લઇને આવી શકે છે. હું અહીં એકલી જ રહું છું. હાં એક બે નોકર છે. તે પોતાના કામ પતાવીને સાંજે પોતાના ઘેર જતા રહે છે.'

'તમારા બાળકો'

'બાળકો નથી. બે મિસ કેરેજ થઇ ગયાં. તે પછી કંઇ નથી. નિસર્ગ, એકલાં જ સારું છે. અડધો સમય કૉલેજમાં નીકળી જાય છે અને અર્ધો ઘરમાં, વર્ષમાં જયારે એ આવે ત્યારે ઘરનું વાતાવરણ જરા વધુ જીવંત લાગે છે. મને એકલા એકલા ગમતું નથી. મન કયાંક ચોંટતું નથી તેથી વિચારું છું કે નોકરી છોડીને કયાંક વિદેશમાં ચાલી જાઉં.'

'વિદેશમાં કેમ?'

ઓસ્ટ્રેલિયાની એક યુનિવર્સિટીની ઓફર આવી છે. પણ હજું કંઇ નિર્ણય હું કરી શકી નથી. જોઇએ.

બંનેએ ચ્હા પુરી કરી, હું હવે રજા લેવા માગું છું.

'સારું મેડમ તો હું નીકળું.'

'ભલે, નિસર્ગ, ફરી આ તરફ નીકળવાનું થાય તો આવજો રહેજે. મને ગમશે.'

બંને બગીચો વટાવીને આગળના મુખ્ય દરવાજા પાસે આવ્યાં.

સારું નિસર્ગ બેટાં, 'તેમણે મને વિદાય આપી.'

●●●

નમસ્તે સર, લ્યો આ ગઇકાલનું 'મુંબઇ સમાચાર' આચાર્ય મેડમને ત્યાંથી તમારા માટે લઇ આવ્યો 'સાયકલ' પરથી ઊતરતાં છાપાનાં ફેરિયા સલીમે કહ્યું.

'સારું કર્યું.'

સલીમ પાસેથી છાપું મળતાં બજારમાં જવાનો વિચાર માંડી વાળ્યો. અને બે પગથિયાં ચડી ઘરમાં બેઠક રૂમમાં જઇ બેઠાં. એક એવો વિચાર આવ્યો કે કાલે આચાર્ય મેડમને તેમના ઘેર મળવા જઇશ.

શિયાળાના સવારના અગિયાર વાગ્યા હશે. ગઇકાલનો દિવસ રાત એ બેચેનીમાં વીત્યા કે મારે અર્ચના મેડમને મળવા જવું છે. એ જ વિચારતો બીજો દિવસો કરતાં આજે વહેલો તૈયાર થઇ ગયો. ઘેરથી બહાર નીકળ્યો.

તેમનું ઘર નજીકમાં જ છે. ચાલતાં જ જતો રહું. શેરીમાંથી નીકળી મુખ્ય રસ્તે આવી ગયો છું. સામેનાં ખૂણાવાળું મકાન એમનું છે. નજીક જઇ જોઉં છું. તેના લોખંડના દરવાજાની બાજુમાં પિલ્લર પર નેઇમ પ્લેટ લગાવેલી છે. પહેલું નામ અર્ચના આચાર્ય અને તેની બિલકુલ નીચે ડૉ. વત્સલ આચાર્ય લખેલું છે. હું ડૉરબેલ વગાડું છું.

બગીચામાં કામ કરતો નોકર જેવો વ્યક્તિ આવીને પુછે છે.

'કોને મળેલું છે?'

'આચાર્ય મેડમને'

'સારુ તમે બેસો' કહી દરવાજો ખોલીને અંદર જાય છે. બગીચામાં એવાં જ તારાં સુંદર ફૂલો, પંખીઓનું પાંજરું અને એકવેરીયમ છે. બેઠક રૂમનું બારણું ખુલ્લું છે. સામેની દિવાલ પર ફ્રેમમાં મઢેલો અર્ચના મેડમનો ફોટો જોઉં છું. એ જ સિલ્કની સાડી, મોટો અંબોડો તેમાં નાંખેલી વેણી, સેંથીમાં સિંદૂર અને લાલચટ્ટક ચાંદલો.

અંદરનું બારણું ખુલવાનો અવાજ આવ્યો. નોકરે આવીને કહ્યું, 'અત્યારે મેડમ તમને મળી નહીં શકે. તમારું નામ કહો, સાંજે પાંચ વાગે મળવા આવજો. તમે ખોટું ન લગાડતા મેડમ અત્યારે આરામમાં છે.'

'સારું એમને કહેજો કે કોલેજનો તેમનો વિદ્યાર્થી નિસર્ગ વ્યાસ આવ્યો હતો.'

'ભલે, કહી દઇશ.'

મારી જગ્યાએથી ઊભો થઇ હું નીકળવા જતો હતો ત્યાં અંદરથી અવાજ આવ્યો.

'સોમાજી... ઓ સોમાજી તેને બેસાડો હું આવું છું.'

'ભાઇ ઊભા રહો. મેડમ આવે છે.'

હું સોમાજીની વાત સાંભળી અટકી જાઉં છું. પાછા વળીને બેસી ઓસરી પાસે બગીચામાં પડેલ ખુરશી પર બેસવા જાઉં છું અંદરથી ઓવરકોટ પહેરીને એક સ્ત્રી ને બહાર મારી તરફ આવતા જોઉં છું.

'હાં બોલો કેમ છો.'

'જી, સારું છે.'

'તમારી કોઇ ઓળખાણ ન પડી.'

અર્ચના મેડમને મળવા આવ્યો હતો. હું કૉલેજમાં તેમની સાથે ભણતો હતો અને હમણાં અહીં નજીકમાં જ રહું છું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ડર કે આગે જીત હૈ...!! જો ડર ગયા સમજો મર ગયા...!!

## ખુબ પરસેવો છૂટ છે? છાતી ધકધકવા લાગે છે? હાથપગ ઠંડા પડી જાય છે? મોઢું કોરૂં પડી જાય છે? શેનાથી? - માત્ર બીકથી, ડરથી! ડરથી ગભરાઇને જીવવાં કરતાં પોતાને જ કહો - હું કરીશ, એમાં શું?

ડર, ચિંતા, બીક, કાળજી આ ભાવના આપણાં જીવવાનો એક ભાગ જ છે. કારણ આપણે બધાં જ જીવવાની પળોજણમાં ડરતાં જ હોઇએ છીએ. કયારેક કોઇ વાતને સ્વીકારવામાં, ડર હટાવવાની માનસિક તૈયારી આપણે કરતાં હોઇએ છીએ અને ભાવના કંટ્રોલમાં રાખવાની કળા શીખતા હોઇએ છીએ, માત્ર જો એવું ના બન્યું તો આપણા મનમાં ગરબડ શરૂ થાય છે અને આકાર લે છે ડર, બીક, ચિંતા...

આપણે જો સતત કશાની કે કશાની ચિંતા કરતાં રહીએ તો સામે આવેલી સમસ્યાને મોં બતાવવા કરતાં આપણે મોઢું છુપાવવાનું વધુ પ્રયત્ન કરીએ છીએ. અને એનાથી એ બીકનું સમર્થન કરવાની વૃત્તિ વધી જાય છે. આવા વખતે તટસ્થ પણે વિચારવાની ક્ષમતા ઘટી જાય છે. સમસ્યાનું યોગ્ય સ્વરૂપમાં આકલન કરવાને બદલે એકજ દૃષ્ટિકોણથી જોવાય છે અને એટલે એમાંથી નિકળવાનો માર્ગ દેખાતો નથી.




hellogandhinagar@gmail.com



હર્ષિતાએ આ વર્ષે બારમાં ધોરણમાં ડ્રોલ લીધો, કારણ એમને ટકા ઓછા આવવાની બીક હતી. આખું વર્ષ ઘરમાં મમ્મીનો એક્સિટેન્ડ, દાદાનું મૃત્યુ જેવા વિઘ્નો હતા એટલે ભણવાનું જોઇએ એવું થયું નહીં અને એનાં મને આ ઘટનાને સમર્થન આપ્યું એટલે 'હું પેપર લખવા જઇશ અને મને કશુંયાદ જ નહીં આવેની કલ્પનાની ભીતી લાગવા લાગી. પણ સાચ્ચું તો આમાં કોની અને કેમ બીક લાગે? એના માટે શું કરવું? ની જગ્યાએ નેગેટીવ રસ્તો પકડ્યો અને બીકને સમર્થન કરી ડ્રોપ લીધો, આવું જ એની બહેનપણી જોડે પણ બનેલું, એણે માત્ર ઘટનાને ભૂલીને મહેનત કરી અને ઉજ્જવળ પરિણામ મેળવ્યું અને આજે એ એન્જિનીયરીંગમાં દાખલ પણ થઇ ગઇ...'

સતત જો મનમાં ચિંતાના વિચાર કરતાં રહીએ તો મનપર - શરીર પર ટેન્શનની ઇફેક્ટ દેખાવા લાગે. છાતી ધડધડવા લાગે, મોંઢું કોરું પડે, હાથપગ ઠંડા પડી જાય એવા વિવિધ શારીરિક લક્ષણો એમાંથી નિર્માણ થાય. એટલે આપણને બીક કેમ લાગે છે? આપણાં મનમાં આપણને કોઇ ભયંકર પરિસ્થિતિને પહોંચવાનું છે, એવો સંદેશો આપેલો હોય છે. 'આપણા બૉસ બોલાવે' (કામ અધુરું હોય, અથવા આવડતું ના હોય), 'મમ્મી-પપ્પાની બીક' (જુઠ્ઠું બોલ્યા હોય, ), પ્રેમિકાની બીક, જો એ નહીં આવે તો?

એટલે આપણે નાકારાઇ જઇને, નાપાસ થઇને, આપણું અપમાન થાય આ બધી વાતની બીક મનમાં ઘર કરીને બેસતી હોય છે. આ બધી વાતો એ ક્ષણે આપણને એકદમ ખલાસ કરી નાખનારી, પતાવી દેનારી, ગળી જનારી લાગે છે. 'હવે મારું આવી બન્યું, આવું થશે તો મારાથી સહન જ નહીં થાય' આવું મનમાં લાગ્યા કરે. આવી વાતોને ચેલેન્જ સમજી એનો સામનો કરવા પોતાની જાતને તૈયાર કરીએ. અને આમાંથી ઘણી શારીરિક લક્ષણો નિર્માણ થાય. આપણે જો સતત કશાકની ચિંતામાં રહીએ તો પછી અને માનસિક શારીરિક બિમારીઓ વળગી પડે છે.'

મોટા ભાગે સતત ચિંતા કરતા રહેવાના સ્વભાવે આપણી જિંદગી જીવવાનો આનંદ ગુમાવી બેસીએ છીએ. આવું થશે તો? તેવું થશે તો? આવું થાય તો મારું શું? એ ના માને તો શું થશે? એવાં સતત નેગેટીવ વિચાર અને મનઘડત 'કલ્પના' કરતાં રહીએ છીએ. પણ એમાંની એક પણ કલ્પના વાસ્તવિકતામાં બનેલી હોતી જ નથી. પણ એ કલ્પના માત્રથી ધ્રુજી જવાય અને મનમાં બીકનું વાતાવરણ તૈયાર થાય અને આપણે જીવવા કરતાતો જો અને તો માં ફસાઇને ડરતાં રહીએ છીએ.

જે વાતની મને બિક લાગે છે. એમાં ખરેખર કાંઇ બીવાં જેવું છે? એનો વિચાર કરો. હું કેમ ગભરાઉં છું? શેની બીક લાગે છે? આ પ્રશ્નો પોતાની જાતને જ પુછો, શાંતિથી વિચાર કરો. ઘણી બધી વાતોની આપણે નિરર્થક ચિંતા કરીને ગભરાઇએ છીએ. એવું તમને ખબર પડી જશે. 'રાઇનો પર્વત' બનાવવો એવી તમારી વિચારવાની રીત નથી ને? ચેક કરજો. આવા વિચારો કાયમ બીક નિર્માણ કરનારાં અને ચિંતાને ખાતર પાણી આપનારાં બની રહે છે.

ચિંતાએ ચિતા સમાન છે એટલે એમાં ફાયરબ્રિગેડ જેવા મિત્રોને તમારી ચિંતા સમસ્યાને રજૂ કરો, તમારી ડાયરીમાં લખો, મનમાં વિચાર-ભાવના વ્યક્ત કરવાથી એના નિરાકરણમાં ફાયદો થતો હોય છે. અને ડર ભગાવવામાં ફાયદો થાય છે... પરિક્ષા ચાલુ હોય અથવા એકાદી મહત્ત્વની ચર્ચા ચાલુ હોય અને અચાનક બીક લાગવા લાગે અથવા બીકના ભૂતને પકડી લીધું તો?

એક ચવાયેલી રમજૂ યાદ કરાવું યું. એક ભાઇ એમનાં પાકીટમાં એની પત્નીનો ફોટો રાખતાં. જયારે એમનો બોસ બોલવીને ખખડાવે તો પાકીટ કાઢી પેલો ફોટો જોતો. જયારે જયારે કોઇ સમસ્યા આવે, ચિંતા આવે, બિક લાગે એટલે પત્નીનો ફોટો કાઢીને જુએ અને એટલું જ બોલે 'આનાથી બીજી મોટી કોઇ સમસ્યા હોઇ જ ના શકે' અને એમનાં પ્રોબ્લેમ સોલ્વ થઇ જતાં. વાત રમૂજની છે પણ આપણે પણ એવો કોક ફોટો, નુસખો ગોતી લેવો જેનાથી બીજી મોટી કોઇ સમસ્યા જ ના હોય, બીક ભાગી જશે!!

ઘણાં મોટી મોટી સમસ્યા - ચિંતાને હળવાશથી લે. જયારે કેટલાંક બારણામાંથી બહાર નીકળતા છીંક આવે તોય ચિંતા કરે. કેટલાંક નાની ચિંતામાંય માથાનાં વાળ ખેંચવાના ચાલુ કરે. મેચમાં કટોકટી આવે હાર-જીતનો રોમાંચ હોય તો નખ ચાવવા લાગે. કેટલાંક ચિંતાની સાયરન વાગતા ટૉયલેટમાં દોડાદોડી કરે. ઘણાં વરસાદના આવે તોય ચિંતા, વધુ આવે તોય ચિંતા, લાઇટની ચિંતા ને લાઇટ બિલની ચિંતા... જયાં જગ્યા મળે ત્યાં ચિંતાની ચિનગારી શોધી કાઢે. પોતે ચિંતા કરે, ડરે, બીવે અને બીજાનેય ટેન્શનમાં લાવી દે. ઘર છોડીને પંદર કિમી. ગયાં બાદ પૂછે લોક કર્યું છે ને?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મને તો જીવન જેટલી જ ઈશ્વરમાં પણ શ્રદ્ધા છે મારા પિતા શ્રદ્ધાનો વારસો આપતા ગયા છે, તમને તો ખબર છે : મૂળભૂત રીતે હું રાજકારણનો માણસ જ નથી

## વ્રજ વહાલું રે...

- ડૉ. કેશુભાઇ દેસાઇ



**આજે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને દેશનાં પૂર્વ વિદેશમંત્રી મા. શ્રી માધવસિંહ સોલંકી આયુષ્યનાં ૮૮મા સોપાન પર પગ માંડે છે ત્યારે એમનું જરા ઓછું જાણીતું સ્વરૂપ - એક અતિસંવેદનશીલ સાહિત્યપ્રેમીનું રૂપ રેખાંકિત કરતો ડો. કેશુભાઇ દેસાઇનો આ ચરિત્રનિબંધ 'ગાંધીનગર સમાચાર'ના સુજ્ઞ વાંચકો માટે સાદર.**

એમને સત્યાશીમું વરસ ચાલી રહ્યું છે, પરંતુ ગયે વર્ષે બાયપાસ કરાવ્યા પછી ઉંમરનો ભાર હળવો થઇ ગયો છે. નિયમિત શ્યુગર ચેક કરતા રહે છે જાતે જ. માગ્યા વગર જ. આવાં ઉપકરણ મોકલી આપનાર કે માપી જનાર પોતાની જાતને ધન્ય સમજે છે. એમના અઢળક ઉપકારોનું વળતર તો આ જનમમાં ન મ વાળી શકીએ, પરંતુ આવું નાનકડું 'જેસ્ચર' બતાવવાની તક મળી એ જ મોટી વાત છે. આખા ગુજરાતમાં બલકે દેશવિદેશમાં પથરાયેલાં એમના ચાહકો અને પ્રશંસકો પોતે પણ હવે તો ઉંમરલાયક થઇ ગયા છે. સમય આટલો ઝડપથી સરી જશે એવી તો કલ્પના જ કયાંથી હોય! જાણે એક યુગ પલટાઇ ગયો અંને એનું ઓસાણ જ ન રહ્યું. સમય સરી ગયો છે. અહીં ગયાં છે એનાં સૌને મઢેલાં પગલાં. સુવર્મકાલનું સ્મરણ પણ કેવું મીઠું લાગતું હોય છે!

'બહું યાદ આવે છે એ બધું. પણ ગળચટી યાદો વાગોળવાથી શ્યુગર વધી જશે એમ વિચારી મન બીજી દિશામાં વાળવા કોશિશ કરું છું. ભૂતકાળમાં રઝળપાટ કર્યાનો અર્થ ખરો? ઇશ્વરે જે સ્થિતિનું નિર્માણ કર્યું તે સહજભાવે સ્વીકારી, જે કામ સોંપ્યું તે જીવ રેડીને પાર પાડવાનો પ્રયાસ કર્યો. એમા મહદંશે ઘણું બધું સમુસૂતરું ઊતર્યું તે એની જ કૃપા.' એ હળવે રહીને મનોમન એ અગોચર શક્તિ સાથે તાદાત્મય સાધવાની ચેષ્ટા દાખવે છે. પોપચાં ઢાળી અંતર્મુખ બની રહે છે. ક્ષણિક સમાધિ લાગી ગઇ હોય એમ મૌન બની જાય છે.

હું એમને ઊંડા ઊતરી ગયેલા જોઇ પ્રશન્નતા અનુભવું છું. વૃદ્ધ વ્યક્તિ આટલી સમતોલ, આટલી ખુશખુશાલ પણ હોઇ શકે - એ કલ્પના જ રોમાચંક છે. એમના ચહેરા પર નવજાત શિશુની નિર્દોષતા છકલાઇ રહી છે. આખી જિંદગી રાજાકારણનાં રણમાં રઝળપાટ કર્યા પછી માણસ આવો નરવો-ગરવો રહી શકે ખરો? એનું પોત પીંખાઇ ન જાય? કૂડકપટ અને કોટાંકબાડાં કૂટી કૂટીને એનું મન અને તન કાળું ન પડી જાય? પણ આ માણસ કંઇ જુદી માટીની સરજત છે. હૈયા પર ઉંમરનાં ઉઝરડા જરૂર પડ્યા - અને એટલો તો છાતી ચિરાવવી પડી, પણ મન તો મધુમાલતીની કળી જેવું કોમળ હતું. એને ન ડાયાબિટીશ નડ્યો કે ન ડિમેન્શિયા ડંખ્યો!

'આ ઉંમરે તો ઘણું બધું ભૂલાઇ જતું હોય છે.' મેં એમને સરખી રીતે સંભળાય એટલા સારું થોડા ઊંચા સ્વરે કહ્યું : 'આ ઉંમરે અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ રોનાલ્ડ રેગન પોતાનું નામ પણ ભૂલી ગયેલા. આપણા બાબુભાઇ જશભાઇ...'

એમણે મારા હોઠ પરથી અધુરું વાક્ય ચૂંટી લીધું : 'બાબુભાઇની સ્મરણશક્તિ એટલે! આપણને આશ્ચર્ય જ થાય. બોલવા માંડે ત્યારે આખેઆખું 'મેઘદૂત' સંભળાવી દે. છેલ્લી ઉંમરમાં એમની મેમલી ખલાસ થઇ ગયેલી. ઘરનાં માણસોને પણ નહોતા ઓળખી શકતા. પાણીનો ગ્લાસ ધરીને ઊભેલી પુત્રવધુને પૂછી બેસતાં : 'તમે કોણ છો, બહેન? વેરી ટ્રેજિક, વેરી પીટિયેબલ, કંડિશન...'

મેં કહ્યું : 'અત્યારે આપણા ઝુઝારૂ નેતા જયોર્જ ફર્નાન્ડિસની પણ એવી જ સ્થિતિ છે. અલઝાઇમર્સ ડિસીઝથી પીડાઇ રહ્યા છે. એમને ખબર જ નથી કે હું કોણ છું, કયાં છું અને શું હતો! આને જ કદાચ આપણા ફિલસૂફો 'પરમહંસ' સ્થિતિ કહેતા હશે. અમારું મેડિકલ સાયન્સ અને એક બીમારી માને છે. વધતી વય સાથે મગજનાં કોષો મરતા જાય છે, પરિણામે સ્મૃતિમાં ગરબડ સરજાતી હોય છે. પંચોતર પછી તો દર પાંચ પૈકી એક વ્યક્તિ સ્મૃતિભ્રંશનો ભોગ બનતી હોવાનું તારણ નીકળ્યું છે. તમે એમાં અપવાદ છો. એનું કારણ તમારી નવું નવું શીખવાનું વૃત્તિ, સતત વાચન અને જીવન પ્રત્યેની અખૂટ શ્રદ્ધા.'

એમને ફરી એક વાર આંખનાં પોપચાં ઢાળી કશુંક અંદર તરફ નિહાળવાનો પ્રયાસ કર્યો.

'મને તો જીવન જેટલી જ ઈશ્વરમાં પણ શ્રદ્ધા છે. મારા પિતા શ્રદ્ધાનો વારસો આપતા ગયા છે. તમને તો ખબર છે : મૂળભૂત રીતે હું રાજકારણનો માણસ જ નથી. આપદધર્મ તરીકે મારે -

...ફંટાઇ ગયો. તેમ છતાં મેં એ રસ ટકાવી રાખ્યો. મેં પુસતકો ન છોડ્યાં તેમ પુસ્તકોએ મને ન છોડ્યો. ઊંચા પદો પર રહેતાં રહેતાં પણ મેં સાહિત્યનો સંપર્ક સતત જાળવી રાખ્યો...'

'એ અમીકૂંપો તમને જન્મ સાથે સોગાત સ્વરૂપે સાંપડ્યો હતો. તમે એનો દિવ્ય કૃપા ગણીને સ્વીકાર કર્યો અને આજીવન એનું જતન કરતા રહ્યા. કદાચ એટલે જ આજે જિંદગીમાં નવમા દાયકાનાં અંતિમ ચરણમાં આટા જીવંત, તરોતારાજ રહી શકયા છો. શબ્દ તો સંજીવની છે. તમે અડધે રસ્તે ફંટાઇ ન ગયા હોત તો મોટા સાહિત્યકાર બની શકયા હોત.'

એમણે હરહંમેશ સાહિત્યનો સંગ કર્યો છે. એ જ એમની ભક્તિ છે, એ જ પૂજા. શબ્દની સંગતમાં એવા તન્મય રહ્યા કે એમને બીજા કર્મકાંડોની પડી ઈશ્વરનું પગેરું લેવાની જરૂર જ નથી લાગી. 'કદાચ...' એ સંકોચ સાથે ઉમેરે છે : 'પણ સાહિત્યકાર બની નહીં શકવાનો મને અફસોસ નથી. દુનિયાભરનાં શ્રેષ્ઠ સર્જકોને માણી શક્યો એનો મને પરમ સંતોષ છે. આપણી ભાષાના ઉત્તમ સાહિત્યકારો સાથે તો ઉષ્માભર્યા સંબંધો પણ કેળવી શક્યો. પરંતુ તક મળી ત્યારે મોસ્કોમાં ટોલ્સ્ટોયના ઘરે પણ જઇ આવ્યો છું. ગાઇડે એ મહાન લેખક જે સોફા પર બેસતા એ સોફો બતાવ્યો હતો, થોડો ફાટેલો હતો. ત્યાં બેસીને એમને 'વોર એન્ડ પીસ' અને 'અન્ના કેરેનીના' જેવી કાલજયી કૃતિઓનું સર્જન કર્યું હતું. પાસેની બેઠક પર મહાન રશિયન નવલકથાકાર મેક્સિમ ગોર્કી બેસતાં. બેઉ વચ્ચે કલાકો સુધી વિવિધ વિષયો પર ચર્ચા ચાલ્યા કરતી. હું જે જગ્યાએ કોઇ તીર્થથી ઊતરતી ના માની શકું. તોલ્સ્ટોયે જાતે બનાવેલી સાકિલ, જાતે સીવેલા જોડા... ઓહ, કેવો રોમાંચક અનુભવ હતો એ! એક એવા મહામાનવ જેમણે મહાત્મા ગાંધી જેવા યુગપુરૂષને દિશા ચીંધી હતી... આપણે કેવા નસીબદાર કે એના ઘર સુધી પહોંચી શક્યા! એ આખેઆખો હેમિંગ્વે વાંચ્યો, ચાર્લી ચેપ્લીન માણ્યો છે, ચાર્લ્સ ડિકન્સ વાંચ્યો છે. પેરિસ ગયો ત્યારે હું મોપાસાંના ઘરની મુલાકાત લઇ આવેલો. એની કબર જોવા પહોંચી ગયેલો. મને વિશ્વની મહાન હસ્તીઓનાં ચરણે બેસવાનું સૌભાગ્ય સાંપડ્યું એનો આનંદ અવર્ણનીય છે. ગાંધીજીને મેં દિલ્હીની ભંગી કોલોનીમાં પ્રત્યક્ષ મળીને 'નવજીવન' નું સંપેતરું પહોંચાડ્યું હતું...'

(અનુસંધાન પાના નં. ૬ પર)